દલિત અધિકાર એ જ માનવ અધિકાર

# દલિત અધિકાર (પાક્ષિક)

તંત્રી : પ્રકાશકુમાર રા. મહેરિયા ● R.N.I. No. : GUJGUJ/2005/17601 ● Regd. No. GAMC-1494/2017-19 Valid upto 31-12-2019

વર્ષ : ૧૪ અંક : ૧૧ સળંગ અંક : ૩૨૩ ● પ્રકાશન : તા. ૦૧-૦૧-૧૯ પોસ્ટીંગ તા. ૦૫-૦૧-૧૯ ● પાનાં : ૦૮ વાર્ષિક લવાજમ રૂ. ૭૫/-, છૂટક રૂ. ૩/-

## ગાંધીજીના ઘણાં વિચારો સાથે હું સંમત નથી...

**ગાંધી દોઢસો**

પ્રવીણ ગઢવી

મારા બાપુજી ખેતસિંહજી ગઢવી ચારણી સાહિત્યના વિદ્વાન હતા. અમારા નાનકડા ઘરમાં પુસ્તકોનાં કબાટો પર ગાંધીજી, સયાજીરાવ ગાયકવાડ અને કેસરીસિંહ બારહઠ્ઠના ફોટા હતા. એક મહાત્મા, બીજા મહારાજા તો ત્રીજા ક્રાંતિકારી ! બાળવયથી મારી ઉપર એ ત્રણેય મહાનુભાવોની અસર પડી.

હાઈસ્કૂલમાં આવ્યો ત્યારે મેં 'સત્યના પ્રયોગો' અને 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ' વાંચ્યાં. ગાંધીજી ત્યારથી મારા દિલમાં વસી ગયા. પછીથી ભારતના ક્રાંતિકારીઓનો ઈતિહાસ વાંચ્યો, સાવરકરનાં પુસ્તકો વાંચ્યાં. ત્યારે ગાંધીજીમાંથી મારી શ્રદ્ધા સહેજ ડગી ગઈ હતી. મારા બાપુજીને મેં પૂછેલું, 'ભારતને આઝાદી કોણે અપાવી, ગાંધીજીએ કે ક્રાંતિકારીઓએ?' એમણે કહેલું, 'બન્નેએ!' ગાંધીજીએ ભારતના લોકોને જગાડ્યા હતા અને ક્રાંતિકારીઓએ અંગ્રેજોને ડરાવ્યા હતા !'

કોલેજમાં હું માર્ક્સ અને આંબેડકરના વિચારોથી પરિચિત થયો. ગાંધીજી થોડા હાંસિયામાં હડસેલાયા. ત્યાં રિચર્ડ એટનબરોની 'ગાંધી' ફિલ્મ જોઈ. લેપિરી કોલિન્સની 'ફ્રીડમ એટ મીડ નાઈટ' અને રોમાં રોલાં અને લૂઈ ફિશરની ગાંધીકથાઓ વાંચી. મારામાં ગાંધીજીનું પુનરાગમન થયું. માર્ક્સ અને આંબેડકર સાથે ગાંધીજી ભળી ગયા ! કોમરેડ બની ગયા.

ગાંધીજીનાં બીજાં કાર્યો વિચારો કદાચ ભૂલાશે પરંતુ તેમના થકી થયેલી ભારતની જાગ્રતિ, સર્વધર્મ સમભાવ, અસ્પૃશ્યતા નિવારણ માટેની ઝૂંબેશ અને દલિતો પીડિતો પ્રત્યેની તેમની અનુકંપા અને ચિંતા કદી ભૂલાશે નહિ. હિન્દુ-મુસ્લિમ એકતા માટે તો એમણે જીવ ખોયો.

ગાંધીજી જેવા પ્રામાણિક, ત્યાગી, નિર્મોહી અને સાદગી ભરેલા નેતાનો જોટો જડવો મુશ્કેલ છે. દલિતો-પીડિતો પ્રત્યેની તેમની અનુકંપા કોઈ મહાકવિથી વિશેષ હતી. ભારતની એકતામાં વિવિધતામાં એમને અડગ શ્રદ્ધા હતી. નિરાકાર ઈશ્વરની તેમની કલ્પના હતી.

ગાંધીજીના ઘણા વિચારો જેવા કે પ્રાર્થના, શ્રદ્ધા, વર્ણાશ્રમ વ્યવસ્થાનો બચાવ, પુનર્જન્મ, અવતારવાદ, મદ્યનિષેધનો જડાગ્રહ, બ્રહ્મચર્ય, સાહિત્યકલા વિષેના રૂઢિચુસ્ત ખ્યાલો, ખાદ્યાખાદ્યના વિચારો, ગરીબાઈનું દૈવીકરણ, યુરોપિયન આદર્શો ઈત્યાદિ સાથે હું સંમત નથી, અને કેટલીક બાબતોમાં માર્ક્સ, આંબેડકરને ગાંધી કરતાં એક કદમ આગળ મૂકું છું.

ગુણવંત શાહે યથાયોગ્ય જ કહ્યું છે કે આપણી ગાંધી ભક્તિમાં મોટો પ્રશ્ન એ છે કે આપણે ગાંધીજીની બધી વાતમાં સંમત થઈએ છીએ. પરંતુ ગાંધીજીને હંમેશા અપ્રમાણિક સંમતિ કરતાં પ્રામાણિક સંમતિ માન્ય હતી. નવી પેઢી સામે આપણે એવા ગાંધી રજૂ ના કરીએ કે જે અપ્રસ્તુત બની જાય. તેમની સાથે સહમત ન હોઈએ તેવી બાબતો પણ ઉજાગર કરીએ, તેમાં કશું ખોટું નથી. અસહમતિ એ તેમના તરફ દુર્વ્યવહાર નથી.

ગાંધીજી નિરાકાર ઈશ્વરમાં માનતા હતા. અલબત્, તેઓ પૂજાપાઠ, દીવા ધૂપ, આરતી એવું કશું કરતા નહોતા, પરંતુ પ્રાર્થનામાં એમને અંધશ્રદ્ધા હતી. ઈશ્વર એમને સાંભળે છે એવો તેમને ભ્રમ હતો. ગોડસેથી ઈશ્વરે એમને કેમ ચેતવ્યા નહિ હોય ? હું નિરીશ્વરવાદી હોવાથી ગાંધીજીના ધાર્મિક ખ્યાલોથી સંમત ન હોઉ તે સ્વાભાવિક છે.

અહિંસામાં પણ ગાંધીજીને જૈનો જેટલી અંધશ્રદ્ધા હતી. હિટલર સામે યહુદીઓ, અંગ્રેજોને શરણાગતિ સ્વીકારી સત્યાગ્રહ, આત્મ બલિદાન વગેરે કરવાની સલાહ આપી હતી. બુદ્ધ મત મુજબ બિનજરૂરી હિંસા અવશ્ય ટાળવી જોઈએ, પરંતુ મચ્છરોને તો મારવા જ પડે. એમ વિદેશી સત્તા હુમલો કરે તો લડવું પણ પડે. ગાંધી કથિત શુદ્ધ અહિંસા અસંભવ છે.

ગાંધીજીનું અહિંસક આંદોલન વિશ્વમાં પણ ભાગ્યે જ ચાલ્યું છે. અમેરિકામાં કાળાઓનું લોહી વહ્યું જ છે. અરબ વસંત પણ લોહિયાળ બની. દક્ષિણ આફ્રિકામાં પણ સંપૂર્ણ અહિંસક લડત રહી શકી નહોતી. અહિંસાની ભાવના તો બાજુમાં રહી, વિશ્વમાં અને કાશ્મીરમાં આતંકવાદે કાળો કેર વરતાવ્યો છે. મધ્યપૂર્વમાં આગ અને લોહી વરસી રહ્યાં છે. ક્યાં છે ગાંધીની અહિંસા ?

બ્રહ્મચર્ય વિષેના એમના ખ્યાલો પણ વિચિત્ર હતા. ગૃહસ્થે શા માટે બ્રહ્મચર્ય વ્રત લેવું જોઇએ ! એમના સમયમાં સંતતિ નિયમનનાં સાધનો નહોતાં, પરંતુ હવે એવું નથી. બ્રહ્મચર્યથી બ્રહ્માનંદ પ્રાપ્ત થાય તેવો ભ્રમ તેમને હતો. સનાતન ધર્મમાં કામ-ક્રોધને શત્રુ માન્યા છે. કામ જો માનવજાતનો શત્રુ હોય તો માનવજાતનું અસ્તિત્વ જ કેવી રીતે રહે ?

વળી પતિ બ્રહ્મચર્ય વ્રત ધારણ કરે અને પત્ની ન કરે તો પત્નીને બીજો પુરુષ લાવી આપવાની સલાહ આપતાં ગાંધીજી અચકાતા નથી !

અસ્વાદનું વ્રત પણ અર્થહીન છે. જીભને સ્વાદ પારખવાની શક્તિ મળી છે. તો તેને શા માટે રોકવી ? આદિમાનવ કાચું માસ, કાચાં શાક વગેરે ખાતો. વિકલ્પ નહોતો. પરંતુ પછી અગ્નિ, મીઠુ, મરચું, સાકર, લીંબુ વગેરે મળ્યાં, તો માણસે એનો ઉપયોગ કર્યો. ભોજનનો પણ આનંદ લેવો જોઈએ. સર્વ સ્વાદ માણવા જોઈએ. મનુષ્યને ખાવા પીવાની સ્વતંત્રતા હોવી જોઈએ. ગાંધીજીના દૂધ ત્યાગ, લવણ ત્યાગ, મસાલા ત્યાગ, કઠોળ ત્યાગ વગેરે પ્રયોગો મને અર્થહીન લાગે છે. શાકાહાર કે માંસાહારથી મનુષ્યની પ્રકૃતિ બદલાતી નથી. ખોરાકને વીર્ય ઉત્પાદન સાથે પણ સંબંધ નથી. શાકાહારી અહિંસક અને માંસાહારી હિંસક થાય એવું પણ નથી. માર્ક્સ માંસાહારી હતા. હિટલર શાકાહારી હતો !

ગાંધીજીના નશાબંધીના દુરાગ્રહ સાથે પણ હું સંમત નથી. અમેરિકામાં પણ નશાબંધી નિષ્ફળ ગયેલી. તેના કારણે માફિયાઓ, ગોડ ફાધરોનો જન્મ થયેલો. ગાંધીજી અન્ય બાબતોમાં લોકશિક્ષણને મહત્વ આપતા હતા, પરંતુ નશાબંધીમાં એમણે ‘સરમુખત્યાર’ની જેમ રાજ્ય પર, પોલીસ પર ભરોસો મૂક્યો ! પોલીસથી નશાબંધી ન થાય. શિક્ષકો, ધર્માચાર્યો, ડોકટરો વગેરે લોકોને નશાખોરીથી દૂર રહેવા સમજાવી શકે. રિસ્પોન્સિબલ ડ્રિંકર્સને દારૂડિયા ન કહેવાય. સોશ્યલ ડ્રિંકીંગનો ખ્યાલ આપણે વિકસાવ્યો જ નથી. પ્રમાણસર મદ્યપાન ફાયદાકારક છે, એમ વિજ્ઞાન કહે છે.

ફક્ત ગુજરાત કે ગણ્યાં ગાંઠ્યાં બિહાર પૂર્વોત્તર રાજ્યોમાં જ નશાબંધી કેમ ? મુસ્લિમ દેશો સિવાય વિશ્વમાં ક્યાંય નશાબંધી નથી. નશાબંધીથી ભ્રષ્ટાચારની ગંગા જન્મી છે અને તેમાં પોલીસ અને પોલિટિશ્યન ‘પાવન’ થઇ રહ્યા છે ! બળાત્કારે નશાબંધી અવાસ્તવિક છે.

ગાંધીજી ગીતાના અંધ ભક્ત હતા. ગીતા એ વેદો પછી રચાયેલાં ઉપનિષદોનો શંભુમેળો છે. એમાં પણ વિસંવાદિતા છે. તે યુદ્ધ અને હિંસાને વાજબી ઠેરવે છે. ખરેખર તો ગાંધીજી પર ઈશુ, બુદ્ધ અને મહાવીરની વધુ અસર હતી. કૃષ્ણ કે રામની નહિ. શૂદ્ર શંબુક વધ કરનારા રામના ‘રામરાજ્ય’ને ગાંધીજી આદર્શ માનતા હતા !

ગાંધીજી અસ્પૃશ્યતાને હિંદુ ધર્મનું કલંક માનતા હતા અને અસ્પૃશ્યતા નિવારણ માટે એમણે દેશવ્યાપી આંદોલન કર્યું એ માટે એમને સો સો સલામો. પરંતુ વર્ણાશ્રમ વિષેના એમના વિચારો સનાતની બ્રાહ્મણ જેવા હતા. જન્મથી જે વર્ણ મળે તે પ્રમાણે વ્યવસાય કરવો જોઈએ એવા વાહિયાત ખ્યાલ સાથે કદાપિ સંમત ન થવાય. વર્ણાશ્રમ હિંદુ ધર્મનો પાયો ન ગણાય. વેદમાં પુરુષ સૂક્ત પાછળથી બ્રાહ્મણોએ ઘુસાડેલું છે. વર્ણાશ્રમ પૌરાણિક ખ્યાલ છે.

ગાંધીજીનો પશ્ચિમ અર્થતંત્ર કે અર્થકારણ સામેનો વિરોધ પણ સ્વીકારી ન શકાય. માત્ર ગ્રામોદ્યોગ પર આધારિત અર્થતંત્ર ટકી ન શકે. ગાંધી કે માઓનો આ વિચાર કોઈએ સ્વીકાર્યો નથી. ખુદ નહેરુએ ભારતમાં ઔદ્યોગિક વિકાસ કરવા રશિયાનું આયોજન અને પશ્ચિમી અર્થતંત્ર સ્વીકાર્યું હતું. કાળની ગતિને કોઈ રોકી ન શકે અને કલ્પિત ભૂતકાળમાં પાછા જઈ ન શકાય. ગાંધીવાદ અને સામ્યવાદ બંને કંઈક અંશે આ બાબતે નિષ્ફળ ગયેલા છે.

ગાંધીજીનો ટ્રસ્ટીશીપનો સિદ્ધાંત દેખાવે રૂપાળો છે. પરંતુ એને કોઈ ઉદ્યોગપતિએ સ્વીકાર્યો નથી. બિરલા-બજાજે પણ નહિ!

ખાદી અને રેંટિયો સર્વ રોગોની દવા છે એવો ગાંધીજીનો મત સ્વીકારી શકાય તેમ નથી. સ્વરોજગારી હોય, નાના ઉદ્યોગો હોય, રેંટિયા દ્વારા બે ટંકની રોટી જેટલી રોજગારી મળતી હોય, તે બરાબર છે, પરંતુ સર્વ લોકો માત્ર ખાદી પહેરે તે શક્ય નથી. રેંટિયો વાયેબલ નથી. હાલ ખાદી સબસિડીના ટેકા વગર ચાલતી નથી.

કેળવણી વિષેના ગાંધીજીના ખ્યાલો આધુનિક વિજ્ઞાનના જમાનામાં સ્વીકારી શકાય તેવા નથી. આજે કમ્પ્યૂટર, ઈન્ફર્મેશન ટેકનોલોજી અને સાયન્સનો જમાનો છે. તેમાં ઉદ્યોગો દ્વારા કેળવણી પ્રાથમિક કક્ષાની ગણાય. ખેતી, સુથારી-લુહારી કામ, વણાટ એ હવે પ્રાથમિક કક્ષાના ઉદ્યોગો છે. માણસ આજે કારનું પણ એક મોડલ સ્વીકારતો નથી !

ગાંધીજીના ગ્રામ સ્વરાજનું સ્વપ્ન આંબેડકરને દુઃસ્વપ્ન લાગતું હતું તે કેટલું વાજબી હતું, તે આજે સમજાય છે. ગામો કલ્પનાનાં આદર્શ ગામો નથી પરંતુ નાત-જાતના વાડાનો શંભુમેળો છે. તેમાં ગ્રામ પંચાયતને સર્વ સત્તાઓ અપાય તો દલિત મુસ્લિમનો તો મરો જ થાય !

નહેરુ - સરદાર ગાંધીજી જેવા આદર્શઘેલા નહોતા, વ્યવહારુ હતા. એટલે દેશને એમણે સાચે પાટે ચઢાવ્યો. જો ગાંધી માર્ગે ચાલ્યા

હોત તો ચીનની જેમ અહીં પણ દેંગ પેદા થયા હોત !

ગાંધીજીના અંગ્રેજી દ્વેષ સાથે પણ હું સંમત નથી. અંગ્રેજી વિશ્વભાષા-વિજ્ઞાન ટેકનોલોજીની ભાષા છે. તેને વિદેશી કે અંગ્રેજોની ભાષા કહી અવગણના ના કરાય. અંગ્રેજી શિક્ષણ અનિવાર્ય છે. પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં ઠીક છે.

સમગ્ર ભારતની એક રાષ્ટ્ર ભાષા - હિન્દી હોય એ કલ્પના સારી છે. પરંતુ શક્ય નથી. ભારત એક ઉપખંડ છે. અને યુરોપમા છે, તેથી વધુ ભાષાઓ અહીં બોલાય છે. દક્ષિણ ભારત પર બળાત્કારે હિન્દી ઠોકી બેસાડીએ તો પાકિસ્તાને પૂર્વ પાકિસ્તાન પર ઉર્દુ ઠોકી બેસાડી તો જે હાલ થયા તેવો હાલ થાય. અંગ્રેજી અને હિન્દી બન્ને સમાંતરે રાષ્ટ્ર ભાષા રહે તે યથા યોગ્ય છે. ગાંધીજીનો માતૃભાષા અને હિન્દીનો દુરાગ્રહ સ્વીકારી ન શકાય. પોતે તો ફાંકડું અંગ્રેજી જાણતા હતા. અંગ્રેજી વગર નહેરુ - સુભાષ, ઝીણા, આંબેડકર થયા ન હોત. દક્ષિણ આફ્રિકામાં ગાંધીજી હિંદીઓને અંગ્રેજી શીખવા આગ્રહ કરતા ! ટ્યુશન કરતા !

સાહિત્ય અને કળા વિષેના ગાંધીજના વિચારો જૂનવાણી હતા. ખજૂરાહોનાં શિલ્પો માટે એમણે બામિયાન બુદ્ધ તોડતા તાલિબાનો જેવી જ સલાહ આપેલી ! કલામાં સામાજિક નિસબત હોય, તે સારું છે. પરંતુ કલા નીતિની દાસી ન બની શકે. કલા, સાહિત્ય પ્રાથમિક રીતે આનંદ માટે જ છે. બીજા ઉદ્દેશ્યો સ્વીકાર્ય, પરંતુ માત્ર બોધ આપે તે જ સાહિત્ય તે સ્વીકારી ન શકાય.

આમ ઘણી બાબતોમાં ગાંધીજી સાથે અસંમતિ હોવા છતાં બિન-સાંપ્રદાયિકતાની તેમની ભાવના, અસ્પૃશ્યતા સામે હાડોહાડ વિરોધ, માનવ સમાનતા, સ્ત્રી-સ્વાતંત્ર્ય, લોકશાહી અને માનવ મૂલ્યો માટેની એમની ચિંતા અને ભારતની સ્વતંત્રતા માટેની એમની લડત અવિસ્મરણીય જ રહેશે. ભલે ગાંધીજી સત્ય, અહિંસા, બ્રહ્મચર્યાદિને મહત્તા આપતા હોય, પરંતુ તેમની રાજકીય, સામાજિક પ્રવૃત્તિઓને કારણે જ તેઓ અમર મહાત્મા રહેવાના છે. ●

# વાંચવા અને ભેટ આપવા જેવું પુસ્તક

**નવું વાચન**

હિમ્મત શાહ

**ફા**ધર વર્ગીસ પૉલનું નવું પુસ્તક ''જેની આંખમાં અમી તેને દુનિયા નમી'' દરેકે વાંચવા અને વંચાવવા જેવું છે. લેખક ફાધર વર્ગીસ પૉલે અગાઉ ગુજરાતીમાં ૪૬ પુસ્તકો લખ્યાં છે. આ પુસ્તકનું પ્રકાશન જાણીતા પ્રકાશક આર. આર. શેઠની કંપનીએ કર્યું છે. પુસ્તકમાં કુલ વૈવિધ્યસભર ૨૫ પ્રકરણો છે.

''જેની આંખમાં અમી તેને દુનિયા નમી'' પુસ્તકની પ્રસ્તાવનામાં ડૉ. રતિલાલ બોરીસાગર જણાવે છે તેમ, ''પુસ્તકના બધા જ નિબંધો કોઈ ને કોઈ મૅસેજ લઇને આવ્યા છે. ફાધરના નિબંધમાં 'મૅસેજ' હોવા સ્વાભાવિક છે. પણ એ મૅસેજ પહોંચાડવાની રીતમાં ઘણું વૈવિધ્ય છે.''

આ પુસ્તકમાં મને 'સ્મિત કરીને આનંદ ફેલાવો' પ્રકરણના પ્રસંગો ખૂબ જ ગમ્યા છે. જેમ કે મારા એક્ટીવા સ્કૂટર ઉપર કોઈક વાર હું લિફ્ટ આપતો અને કહેતો કે મને થેન્ક યુ ન જોઈએ. તમે પણ બીજાને મદદ કરજો અને કુટુંબમાં બીજા સભ્યોને પણ કહેજો કે, મને બીજાએ સ્કૂટર ઉપર લિફ્ટ આપી છે. તેવી જ રીતે હું ચાલતો હોઉં ત્યારે ચાર રસ્તા ઉપર પ્રથમ બીજા વાહનોને જવા દેતો ત્યારે ઘણી વાર કારના માલિકો મને રસ્તો ક્રોસ કરવાનું કહેતા હતા. આમ તમે પોઝીટીવ રહો તો સામેવાળા પણ સારો બદલો આપે છે.

પુસ્તકનું પ્રકરણ-૭, 'સ્મિત કરીને આનંદ ફેલાવો'માં પાનાં નં. ૩૨ થી ૩૪ ખાસ વાંચી જવા જેવાં છે. તેમ જ પ્રકરણ નં. ૨૧માં 'માનવધર્મના પ્રણેતા પોપ ફ્રાન્સિસ' વિશે અદ્ભુત માહિતી મળે છે, પાનાં નં. ૮૧ થી ૮૩માં પૂરી વિગત છે. ખ્રિસ્તી ધર્મના વડા પોપ ફ્રાન્સના સોશિયલ મીડિયા ટ્વિટર એકાઉન્ટના અનુયાયીઓ ૩૫૦ લાખથી વધારે છે, જે દુનિયાભરમાં કોઈ પણ આગેવાન કરતા સૌથી વધારે છે.

તેમના પાંચેક ગુણોની વાત અદ્ભુત છે : (૧) સાદગીભર્યું જીવન તથા ઉચ્ચ વિચાર, (૨) ગરીબો માટેની એમની પરવા અને કાળજી, (૩) શાંતિના દૂત તરીકે એમનો ફાળો, (૪) પર્યાવરણની સાચવણી અને ગરીબાઈની નાબૂદી અને (૫) અપ્રમાણિકતા અને અનૈતિકતા સામેના સુધારામાં હિંમતભર્યા પગલાં.

તેઓ વેટિકન ખાતે પોપ માટેના રાજમહેલમાં રહેવાને બદલે ગેસ્ટ હાઉસ (મહેમાનોનું ઘર), પોતાના રહેઠાણ તરીકે પસંદ કરીને રહેવા લાગ્યા. તેમના જીવન પર મહાત્મા ગાંધીજી, નેલ્સન મંડેલા, માર્ટિન લ્યૂથર કિંગ (જુનિયર) જેવા વૈશ્વિક નેતાઓની અસર છે. આમ ઉદાહરણ તેમ જ પ્રેરણા મળે તેવું તેમનું જીવન છે.

આ પુસ્તક હકીકતમાં વાચકને પૂરી પ્રેરણા આપે તેવું છે. ભેટ આપવા લાયક નાનું પણ પ્રેરણાત્મક પુસ્તક છે. તેમ જ દરેક ઘરમાં પોતાની લાઈબ્રેરીમાં રાખીને વખતોવખત વાંચવા જેવું પુસ્તક છે. લેખક ફાધર વર્ગીસ પૉલને અભિનંદન આપું છું.

***જેની આંખમાં અમી તેને દુનિયા નમી, લેખક : ફાધર વર્ગીસ પૉલ, પ્રકાશકઃ આર. આર. શેઠની કંપની, અમદાવાદ, 'દ્વારકેશ', રોયલ એપાર્ટમેન્ટ પાસે, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧, પાનાંઃ ૧૦૦, કિંમતઃ રૂા. ૧૦૦ -***

**દલિત અધિકાર**

● ૧ વર્ષના ૨૪ અંકો લવાજમ રૂા. ૭૫-૦૦

● ૨ વર્ષના ૪૮ અંકો લવાજમ રૂા. ૧૫૦-૦૦

# ગુજરાતના દલિતોની દુર્દશાનો દસ્તાવેજ

**ગુ**જરાતના અનુસુચિત જાતિ અને જનજાતિના વિકાસ માટે જે શૈક્ષણિક સવલતો અપાય છે તે જ સવલતો ગુજરાતના સવર્ણ (બિન અનામત) વર્ગને પણ ગુજરાત સરકાર રાજ્યના બજેટમાંથી આપી રહી છે. પરિણામે દલિત અને આદિવાસી સમાજની વિરૂદ્ધ એક ગંભીર અન્યાયની વિસંગતતા સર્જાઇ છે. જેની દસ્તાવેજી વિગતો ધ્યાને લેવી જોઇએઃ

**દલિત- આદિવાસી અને બિન અનામત જ્ઞાતિને અપાતી સહાયમાં વિસંગતતા**

| યોજનાનું નામ | લાયકાત | | સહાય | | વાર્ષિક આવક મર્યાદા | |
|---|---|---|---|---|---|---|
| | બિન અનામત | દલિત- આદિ | બિન અનામત | દલિત- આદિ | બિન અનામત | દલિત- આદિ |
| ટ્યુશન સહાય- ધો. ૧૧-૧૨ વિજ્ઞાન | ધો. ૧૦માં ૭૦ ટકા | ધો.૧૦માં ૭૫ ટકા | રૂ. ૧૫ હજાર | રૂ. ૮ હજાર | રૂ. ૩ લાખ | રૂ. ૨.૫૦ લાખ |
| ભોજન બિલ | ખાનગી છાત્રાલય | કોલેજ માન્ય બિનખાનગી છાત્રાલય | રૂ. ૧૨૦૦ | રૂ. ૧૨૦૦ | રૂ. ૩ લાખ | રૂ. ૨.૫૦ લાખ |
| રોજગારલક્ષી યોજનાઓ | - | - | રૂ. ૧૦ લાખ | રૂ. ૨ લાખ | રૂ. ૩ લાખ | રૂ. ૪૭ હજાર |
| ડોકટર/વકીલ માટે ખાનગી ક્લિનિક/ઓફિસ | ડિગ્રી | ડિગ્રી | રૂ. ૧૦ લાખ | રૂ. ૩ લાખ | રૂ. ૩ લાખ | રૂ. ૫૦ હજાર |

**વાસ્તવ**

વાલજીભાઇ પટેલ

આમ એક જ પ્રકારની યોજનાઓ હોવા છતાં બિનઅનામત વર્ગ માટે આવક મર્યાદા રૂપિયા ૩ લાખ જયારે દલિત અને આદિવાસી માટે વાર્ષિક આવક મર્યાદા માત્ર રૂપિયા ૪૭ હજાર કે ૫૦ હજાર કે અઢી લાખ. આમ કેમ ?? સવર્ણ વિદ્યાર્થી ને ટ્યુશન ફી લેવા માટે ૭૦ ટકા માર્ક જોઈએ. પણ એજ યોજનાનો લાભ લેવા માટે દલિત આદિવાસી વિદ્યાર્થી માટે તો ૭૫ ટકા માર્ક્સ હોય તો જ મળે. આવો ભેદભાવ કેમ ?? સવર્ણ વિદ્યાર્થીની વાર્ષિક આવક ત્રણ લાખ હોય તો પણ તેને ટ્યુશન ફી ચુકવાય પણ દલિત આદિવાસી વિદ્યાર્થીને વાર્ષિક અઢી લાખ રૂપિયાથી આવક વધે તો તેને કંઈ જ ન મળે, આવા તોલવાના અલગ અલગ કાટલા કેમ ?? ચોંકાવનારી બાબત એ છે કે સવર્ણ વિદ્યાર્થીને ખાનગી ટ્યુશન માટે રૂપિયા ૧૫ હજાર સરકાર દ્વારા ચૂકવાય. પણ દલિત આદિવાસ વિદ્યાર્થીને એ જ ટ્યુશન ફી માટે સરકાર માત્ર ૮ હજાર રૂપિયા જ આ તે કેવી ક્રૂર મશ્કરી ?? શું સવર્ણ વિદ્યાર્થીને ડોકટર બનાવવા સરકારે કોઈ અલગ પ્રકારની ટ્યુશન વ્યવસ્થા કરી છે કે તેની ટ્યુશન ફી ૧૫ હજાર રૂપિયા સરકાર ચૂકવે અને દલિત આદિવાસીને માત્ર ૮ હજાર રૂપિયા જ આપે. આવો ભેદભાવ સરકાર કેમ કરે છે ?? સવર્ણ ડોકટર કે એડવોકેટ પોતાની ખાનગી હોસ્પિટલ કે ઓફિસ બનાવે તો સરકાર તેને ૧૦ લાખ રૂપિયા, ૫ ટકાની વ્યાજ સહાય સાથે આપે પણ દલિત અને આદિવાસી ડોકટર કે વકીલને પોતાની હોસ્પિટલ કે ઓફિસ બનાવે તો સરકાર તેને માત્ર ને માત્ર રૂપિયા ત્રણ લાખ ૪ ટકાના વ્યાજે આપે આને આપણે શું કહેશું ??આવો ભેદ કેમ ?? સવર્ણ વિદ્યાર્થી કોઈ ટ્રસ્ટ - સમાજ કે સંસ્થાના ખાનગી છાત્રાલયમાં રહેતો હોય તો સરકાર આવા ખાનગી છાત્રાલયને માસિક ફૂડબિલ તરીકે વિદ્યાર્થી દીઠ રૂપિયા ૧૨૦૦/- ચૂકવે છે. પણ જો દલિત-આદિવાસી વિદ્યાર્થી જો કોઈ ટ્રસ્ટ - સમાજ કે સંસ્થાના છાત્રાલયમાં રહેતો હોય તો તેને કશું જ ના મળે. તેને તો કોલેજ સંચાલિત છાત્રાલયમાં રહેતો હોય તો જ ફૂડબિલ મળે. અને કોલેજ છાત્રાલયમાં એડમિશન ન મળે તો આવા દલિત આદિવાસી વિદ્યાર્થીની હાલત કફોડી બની જાય છે. જયારે સવર્ણ વિદ્યાર્થી સરકારના નાંણાથી ખાનગી - જ્ઞાતિની હોસ્ટેલોમાં લીલા લહેર કરે છે. આજે તો એવી સ્થિતિ સર્જાઈ છે કે, સવર્ણોના જ્ઞાતિગત સંસ્થાના છાત્રાલયો સરકારના પૈસે ધમધોકાર ચાલી રહ્યા છે. જયારે બીજી બાજુ દૂર ગામડાના દલિત આદિવાસી વિદ્યાર્થીઓ હોસ્ટેલોમાં પ્રવેશ ન મળતા રહેઠાણના અભાવે ભણવાનું છોડી રહ્યા છે.

આવી સ્થિતિનું નિર્માણ કેમ થયું છે ? કારણ કે દલિત અને આદિવાસી સમાજને ગુજરાત સરકાર તેના બજેટમાંથી પોસ્ટ મેટ્રિક અભ્યાસ માટે કશું જ આપતી નથી. તે તો ભારત સરકાર આપે છે. અને ભારત સરકારની આવક મર્યાદા રૂપિયા અઢી લાખ છે. જયારે

ગુજરાત સરકાર તો રાજ્યના બજેટમાંથી માત્ર બિન અનામત વર્ગો જ નાંણા આપે છે એટલે તો આ વિસંગતતા સર્જાઈ છે. ત્યારે મૂળ પ્રશ્ન તો એ ઉદ્ભવે છે કે, ગુજરાત સરકાર રાજ્યના બજેટમાંથી દલિત અને આદિવાસીઓને પોસ્ટ મેટ્રિક અભ્યાસ માટે કેમ નાંણા આપતી નથી ? અને માત્ર સવર્ણો માટે નાંણા ફાળવે છે ?? શું દલિત અને આદિવાસી સમાજના લોકો ગુજરાતના નાગરિકો નથી?? શું ગુજરાતના બજેટ ઉપર દલિત અને આદિવાસી નાગરિકોનો કોઈ અધિકાર નથી ?? શું ગુજરાતના દલિત અને આદિવાસી સમાજના નાગરિકો કોઈ અન્ય રાજ્ય કે દેશમાંથી હિજરત કરીને ગુજરાતમાં આવ્યા છે કે, તેમને ભારત સરકારને શરણે રહેવું પડે છે ?? ભારતના બંધારણની જોગવાઈ મુજબ તો કોઈ પણ રાજ્ય પોતાના નાગરિકો વચ્ચે કોઈ ભેદભાવ કરી શકે નહિ. ત્યારે ગુજરાત રાજ્યે તેના બજેટમાંથી માત્ર સવર્ણ નાગરિકો માટે જ નાંણા ફાળવી અને દલિત અને આદિવાસી સમાજના નાગરિકોને કેવળ જ્ઞાતિને કારણે જ રાજ્યના બજેટથી વંચિત રાખી ભારતના બંધારણના આર્ટિકલ -૧૪ અને ૧૫નો ભંગ કરેલ છે.

આવા સંજોગોમાં અમારી માંગણી છે કે જયારે ભારત સરકારે આવક મર્યાદા ૨ લાખ ૫૦ હજાર કરી છે અને ગુજરાત સરકારે ત્રણ લાખની આવક મર્યાદા નક્કી કરેલ છે. ત્યારે ગુજરાત સરકાર અઢી લાખ રૂપિયાથી ત્રણ લાખ સુધીની આવક ધરાવતા દલિત અને આદિવાસી સમાજના લોકોને ગુજરાતના બજેટમાંથી સહાય આપે તો જ આ વિસંગતતા દૂર થઈ શકે તેમ છે. જેથી ગુજરાત સરકાર આવો નિર્ણય લઈ સત્વરે જાહેરાત કરે તેવી માંગ છે. ●

# આ દેશને ગોધરા બનતો અટકાવીશું, તૂટવા નહીં દઈએ : ચંદ્રશેખર આઝાદ

**અહેવાલ**

ગૌતમ ડોડીઆ

**રા**ષ્ટ્રીય સુરક્ષા કાનૂન (રાસુકા) હેઠળ લાંબા સમયના જેલવાસ બાદ 'ભીમ આર્મી'ના સ્થાપક ચન્દ્રશેખર આઝાદ' જેમને મીડિયા રાવણ તરીકે ઓળખાવે છે. તેમની જેલ મુક્તિ થઈ છે. જેલમુક્તિ બાદ પહેલી વાર આઝાદ ગુજરાત આવ્યા હતા. જો કે તેમની આ મુલાકાત એક શૈક્ષણિક અને સામાજિક હેતુસરની હતી.

ગુજરાતી દૈનિક 'ગુજરાત ટુડે' અને 'મુન્શી મનુબરવાલા ચેરીટેબલ ટ્રસ્ટ'ના ઉપક્રમે ભરૂચ ખાતે સામાજિક અને શૈક્ષણિક ઉત્કર્ષ માટે વિચારગોષ્ઠી યોજાઈ હતી. જેમાં 'ભીમ આર્મી'ના ચીફ ચન્દ્રશેખર આઝાદ ઉર્ફે રાવણ ઉપસ્થિત રહ્યા હતાં. આ કાર્યક્રમમાં દલિત-મુસ્લિમ એકતા તેમજ શિક્ષણના મહત્વ ઉપર ચર્ચા કરવામાં આવી હતી.

કાર્યક્રમ પૂર્વે યોજાયેલી પત્રકાર પરિષદમાં આઝાદે જણાવ્યું હતું કે 'ભીમ આર્મી' એક સામાજિક સંગઠન છે. અમે ગુજરાતમાં ભીમ આર્મીની પાઠશાળા શરૂ કરીશું. સામાજિક એકરૂપતા સાથે બહુજન સમાજને પરેશાન કરતી તાકાતને ઉખાડી ફેંકવા અમે પૂરી મહેનત કરીશું. બંધારણનો અમલ થાય એ માટે એક થઈને લડીશું. આ દેશને ગોધરા નહીં બનવા દઈએ. તમે (ગુજરાતીઓએ) નરેન્દ્ર મોદીને દિલ્હી મોકલ્યા હતા અમે (યુ.પી.વાળા) એમને પાછા ગુજરાત મોકલીશું. નરેન્દ્ર મોદી જ્યાં પણ ચૂંટણી લડશે ત્યાં 'ભીમ આર્મી' પ્રચાર કરી તેમને હરાવશે.

પત્રકાર પરિષદમાં આઝાદે વધુમાં જણાવ્યુ હતું કે ઉનાના પીડિતોએ ઈચ્છામૃત્યુની અરજી કરી છે. ઘટનાના બે વર્ષ અને ચાર મહિના થઈ ગયા છતાં તેમને ન્યાય મળ્યો નથી. હું આ પરિવારને અપીલ કરું છું કે 'ભીમ આર્મી' એમની સાથે છે. ઈચ્છામૃત્યુની જરૂર નથી. મરવાની વાત તો કાયરો કરે છે. આપણે ખભાથી ખભો મિલાવીને લડીશું. અમે ભલે સામાજિક સંગઠન ચલાવતા પરંતુ જો જરૂર પડશે તો અમે ઉના પણ આવીશું. પોલીસ દ્વારા અમદાવાદમાં ઉમેશ સોલંકી નામના યુવાનને માર મારવામાં આવ્યો છે. પોલીસ દ્વારા સરકારના એજન્ટ બનીને થતી આવી કાર્યવાહી ખોટી છે. આવા કાર્ય સહેવામાં નહીં આવે બહુજન સમાજને જે હેરાન કરશે તેને ઉખાડી ફેંકીશું. જો કે આ બંન્ને પરિવારની મુલાકાત આઝાદ દ્વારા કરવામાં આવી નથી. આ અંગે તેમને પૂછતાં તેમણે જણાવ્યું હતું કે અહીં (ગુજરાતમાં) ટીમ બનાવું છું. આ ટીમ પીડિત પરિવારોની મુલાકાત લેશે. આ ઉપરાંત ઉત્તરપ્રદેશની જેમ જ 'ભીમ આર્મી' પાઠશાળા ગુજરાતમાં શરૂ કરવામાં આવશે.

ગુજરાતના ત્રણ યુવા નેતાઓ હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર, અને જિજ્ઞેશ મેવાણી સાથે તેમના સંપર્ક અને સંબંધો વિશે પૂછતાં તેમણે કહ્યું કે, ભાજપ જેવી તાકાતને રોકવા માટે એમની જરૂર પડશે તો ચોક્કસ સંપર્ક કરશે. હાલમાં કોઈની સાથે કોઈ જાતનો સંપર્ક કે સંબંધ નથી. તેમણે કહ્યું હતું કે કનૈયાકુમાર અને જિજ્ઞેશ મેવાણી સારૂ કામ કરી રહ્યા છે. ૨૦૧૯ પહેલા ગુજરાતમાં મોટી રેલી કરવામાં આવશે. તેઓ રાહુલ ગાંધી સાથે નથી પણ નરેન્દ્ર મોદીની વિરૂધ્ધમાં છે. બહુજન સમાજને સત્તા મળવી જોઈએ. ૨૦૧૯માં નરેન્દ્ર મોદીને ખુરશી પર બેસવા દઈશું નહીં એ ગુજરાતમાંથી દિલ્હી ગયા છે અને એમને પાછા ગુજરાત મોકલીશું. જો કે ભીમ આર્મીના સભ્યો ચુંટણી લડશે નહીં તેવી વાત તેમણે કરી હતી.

જાહેર મંચ પરથી આઝાદે કહ્યું હતું કે વિદ્યાર્થીઓએ રાજકારણી બનવાના બદલે આઈ.પી.એસ. કે આઈ.એ.એસ બનવું જોઈએ. અને બની ગયા પછી જે સમાજમાંથી આવ્યા હોય એને ભૂલવાના બદલે તેના ઉત્કર્ષ માટે કામ કરવું જોઈએ. જ્યાં સુધી અમે આંબેડકરના સંતાનો જીવતા છીએ ત્યાં સુધી દેશને તુટવા દઈશું નહીં. બંધારણ પૂર્ણરૂપે અમલમાં આવે તે માટે શાંતિ અથવા તો ક્રાંતિ જે રીતે જરૂર પડશે લડીશુ. હમણાં બુલંદ શહેરમાં પણ હિંસા ભડકાવવાનું ષડયંત્ર હતું પણ દેશના મુસ્લિમો સમજુ છે. એક રીતે દેશમાં ભાજપની સરકાર આવી તો સારૂ થયું. કારણ કે ભાજપ સત્તામાં આવી એટલા માટે જ આપણે એકજૂટ થયા છીએ..... બહુજન સમાજે એક થઈ આગળ વધવું પડશે. ●

# મરાઠા અનામત : મામાનું ઘર કેટલે ?

**પાં**ચ રાજયોની વિધાનસભા ચૂંટણીના પરિણામો પર અસરકર્તા મુદ્દાઓમાં એક મુદ્દો અનામતનો પણ હતો. છત્તીસગઢમાં અનુસૂચિત જાતિને તેની વસ્તીના પ્રમાણમાં અનામતવધારો મળતો નથી તેનો રોષ હતો તો તેલંગણામાં સત્તાધારી તેલંગણા રાષ્ટ્રીય સમિતિએ મુસ્લિમોને અનામત આપી ખુશ રાખ્યા હતા.

૨૦૧૯માં લોકસભા ચૂંટણી પછી મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી છે. આ રાજ્યનો બળુકો મરાઠા સમુદાય લાંબા સમયથી અનામતની માંગણી કરી રહ્યો છે. એટલે મહારાષ્ટ્રમાં મરાઠાઓને શિક્ષણ અને નોકરીઓમાં ૧૬% અનામત આપતો કાયદો સર્વાનુમતે પસાર થયો છે. મહારાષ્ટ્રમાં હાલ ૫૨% અનામત અમલમાં છે. નવી ૧૬% સાથે અનામતનું પ્રમાણ ૬૮% થયું છે. ૪૯% કરતાં વધુ અનામત આપી શકાય નહીં તે અને અન્ય બાબતોને લઈને આ અનામતને બોમ્બે હાઈકોર્ટમાં પડકારવામાં આવી છે. અદાલતે જોકે કોઈ મનાઈહુકમ નથી આપ્યો પણ જયારે આ મેટર સબજ્યુડિસ છે ત્યારે નવી મરાઠા અનામત પ્રમાણે સરકારી ભરતીની જાહેરાત અંગે કોર્ટે ભારે નારાજગી વ્યક્ત કરી છે.

**સામ્પ્રત**

**ચંદુ મહેરિયા**

મહારાષ્ટ્રના અહમદનગર જિલ્લાના કોપર્ડી ગામે અઢીએક વરસ પહેલાં, ૧૬મી જુલાઈ ૨૦૧૬ના રોજ, મરાઠા કિશોરી પર કેટલાક દલિતોએ સામુહિક બળાત્કાર કરી તેને મારી નાંખી હતી. આ બનાવથી આક્રોશિત મરાઠાઓએ દોષિતોને ફાંસીની સજા અને દલિત આદિવાસી અત્યાચાર પ્રતિબંધક કાયદાની નાબુદીનું આંદોલન ઉપાડયું હતું. સ્વયંભૂ, સામુહિક નેતૃત્વ ધરાવતું, બિનરાજકીય, ખાસ્સું અહિંસક અને ભાર લોકસમર્થન ધરાવતું ‘મરાઠા ક્રાંતિ મોરચા’નું આંદોલન કોપર્ડીકાંડથી હઠીને મરાઠા અનામત આંદોલન બની ગયું. ૫૦ કરતાં વધુ મુકમોરચા અને લાખોની મેદનીએ તમામ રાજકીય પક્ષોને મરાઠા અનામતની તરફેણમાં મૂકી દીધા.

૧૩ કરોડની મહારાષ્ટ્રની વસ્તીમાં મરાઠાઓ ૩૦% હોવાનું મનાય છે. વિધાનસભાની સો કરતાં વધુ બેઠકો પર મરાઠા વોટ નિર્ણાયક છે. રાજ્યના મોટાભાગના મુખ્યમંત્રીઓ મરાઠા હતા. સુગર ફેકટરીઓ સહિતના સહકારી ક્ષેત્ર, ખાનગી, સ્વનિર્ભર શિક્ષણ સંસ્થાઓ મરાઠાઓના હાથમાં છે. જોકે તેને કારણે રાજ્યનો સઘળો મરાઠા સમુદાય સાધન સંપન્ન નથી. એક નાનકડો વર્ગ જરૂર સુખી અને સંપન્ન છે પણ મોટો ગ્રામીણ સમાજ પછાત અને ગરીબ છે.

૨૦૧૪માં રચાયેલી નારાયણ રાણે સમિતિ અને તે પૂર્વેના બાપટ આયોગ અને સર્રાફ આયોગે તેના અહેવાલોમાં મરાઠાઓની વિકટ સ્થિતિ દર્શાવી હતી. વર્તમાન અનામત આંદોલન પછી રાજ્ય પછાત વર્ગ પંચે ૨ લાખ રજૂઆતો, ૨૦ લોકસુનાવણીઓ અને ૩૬ જિલ્લાઓનો સર્વે કરીને મરાઠાઓ પછાત હોવાનું તારણ કાઢી, ૧૬% અનામતની ભલામણ કરી છે. સ્ટેટ બેકવર્ડ કલાસ કમિશનના અહેવાલ મુજબ મહારાષ્ટ્રના ગામડાંઓમાં મોટા ખેડૂત મરાઠાઓ અલ્પ છે. જયારે નાના સીમાંત ખેડૂતો અને ખેતમજૂરોનો વિશાળ વર્ગ છે. શહેરોમાં તે કૂલી અને માથોડી કામદાર તરીકે પણ જીવે છે. ૭૦% મરાઠા કાચા ઘરોમાં રહે છે. ૭૮.૮૬% ખેતી અને ખેતમજૂરી પર નભે છે. ૫૨% દેવાદાર છે, ૩૭.૨૮% ગરીબીની રેખા હેઠળ જીવે છે ૧ લાખ રૂપિયા કરતાં ઓછી વાર્ષિક આવક ધરાવતા મરાઠા ૯૩% છે. માત્ર ૪.૩૦% જ ઉચ્ચ શિક્ષણ મેળવે છે અને સરકારી નોકરીઓમાં તેમની ટકાવારી ૬.૯૨% જ છે.

ગુજરાતના પાટીદાર, રાજસ્થાનના ગુર્જર, હરિયાણાના જાટ, આંધ્રના કાપૂ અને મહારાષ્ટ્રના મરાઠા લાંબા સમયથી અનામતની માંગ કરી રહ્યા છે. આ પ્રદેશોની સરકારો પૂરતા બંધારણીય અને કાયદાકીય અભ્યાસ વિના, જાણે કે થોડા સમય માટે મુદ્દાને થાળે પાડવા જ અનામત આપી દે છે. અદાલતો તેને ગેરબંધારણીય ઠેરવે છે. તેથી દોષનો ટોપલો કોર્ટો પર ઢોળી પોતે તો પછાતોના હામી છે પણ અદાલતો અંતરાય છે તેવી છાપ ઉભી કરે છે. ૨૦૧૪માં મહારાષ્ટ્રની કોંગ્રેસ - એનસીપી સરકારે અને ૨૦૧૫માં વર્તમાન બીજેપી-શિવસેના સરકારે મરાઠાઓને અનામત આપી હતી. પણ તે અદાલતમાં ટકી નહોતી. હાલની ૧૬% અનામત પણ અદાલતમાં ટકશે કે કેમ તે સવાલ છે જ. મહારાષ્ટ્ર સરકારે બચાવ તો કરી જ દીધો છે કે ‘તેણે મરાઠાઓની માંગણી માટે ઈમાનદાર અને ઉત્તમ પ્રયાસ કર્યો છે’

ભારતના બંધારણના આર્ટિકલ ૧૬માં રાજ્યની નોકરીઓમાં નાગરિકને ભેદભાવ વિના સમાન તકની જોગવાઈ છે. તેમાં જે વર્ગોને પૂરતું પ્રતિનિધિત્વ મળ્યું ના હોય તેવા વર્ગો માટે જગ્યાઓ અનામત રાખવાની અને તેથી ‘સમાન તકનો ભંગ થશે નહીં ’ તેમ જણાવી અનુ.જાતિ જનજાતિ અને અન્ય પછાતો માટે અનામતની જોગવાઈ કરી છે. અનુ.જાતિ, જનજાતિને બંધારણના અમલ સાથે જ અનામત આપવામાં આવી છે. જયારે અન્ય પછાત વર્ગો માટેની અનામતો ઘણી મોડી અમલી બની હતી. રાષ્ટ્રીય કક્ષાએ વી.પી.સિંઘના પ્રધાનમંત્રીત્વ કાળમાં મંડલ કમિશનના સ્વીકાર પછી ૨૭% ઓબીસી અનામત આવી છે.

અનામતનો માપદંડ સામાજિક - શૈક્ષણિક પછાતપણું અને વહીવટ તથા રાજકારણમાં અપૂરતા પ્રતિનિધિત્વનો છે. ભારતના બંધારણમાં હાલમાં ગરીબો માટે એટલે આર્થિક પછાતપણાના આધારે અનામતની જોગવાઈ નથી. નરસિંહરાવની કોંગ્રેસી સરકારે ગરીબો માટે ૧૦% અનામતની જોગવાઈ કરી હતી. તેને સર્વોચ્ચ અદાલતે ગેરબંધારણીય જાહેર કરી હતી. અદાલતે અનામતની મહત્તમ મર્યાદા ૪૯% ઠરાવી હતી. તે પછી જુલાઈ ૨૦૧૦માં ચોક્કસ કારણો અને હકીકતોના આધારે કે મર્યાદામાં થોડી છૂટ આપી હતી. દેશના કેટલાક રાજ્યોમાં ખાસ કરીને દક્ષિણ ભારતમાં અનામતનું પ્રમાણ ૪૯% કરતાં વધારે છે. ●

મહારાષ્ટ્રમાં અનુસૂચિત જાતિની ૧૩%, જનજાતિ ૭%, ઓબીસી ૧૯%, વિચરતી અને વિમુક્ત જાતિ સહિતની ખાસ જાતિઓની ૧૩% મળી કુલ ૫૨% અનામતો અમલી છે. હવે નવી ૧૬% મરાઠા અનામત ઉમેરતાં કુલ પ્રમાણ ૬૮% થયું છે. રાજ્ય સરકાર મરાઠા અનામતને વાજબી ઠેરવવા ઓબીસી કમિશનનો આધાર લે છે. પરંતુ દેશમાં અને રાજ્યોમાં ઓબીસી અનામત એક જથ્થે અને વધુમાં વધુ ૨૭% જ રાખી શકાતી હોય ત્યારે મરાઠા અનામત, રાજ્યની હાલની ૧૩% ઓબીસી અનામત ઉપરાંત માત્ર મરાઠાઓ માટે જ રાખવી કાયદાકીય રીતે ન સમજાય તેવી બાબત છે. વળી ૪૯% કરતાં વધુ પ્રમાણ માટે રાજ્ય ઓબીસી પંચનો રિપોર્ટ જ પર્યાપ્ત નથી. તમિલનાડુ સરકારની જેમ મરાઠા અનામતને અદાલતી સમીક્ષાથી પર રાખવા, તેને બંધારણની નવમી અનુસૂચિમાં મૂકવાનો બંધારણ સુધારાનો માર્ગ પણ સરકારે લીધો નથી એટલે સરકાર જેને ઈમાનદાર પ્રયાસ ગણાવે છે તે લોલીપોપ પણ બની જાય છે.

**દલિત કવિતા**

## શ્રદ્ધાનો સવાલ

અયોધ્યા ?
શ......ચૂપ
કોઈ શંકા નહીં
કોઈ સવાલ નહીં
પુરાવા નહીં પ્રમાણ નહીં
એ તો શ્રદ્ધાનો સવાલ છે.
પેલા મુલ્લાઓ કહે છે
ત્યાં મસ્જિદ હતી
શું..... મસ્જિદ ?
પુરાવા લાવો
પ્રમાણ લાવો
હિન્દુત્વ પર ખતરાનો સવાલ છે.
મંદિર હતું
ના...ના....મસ્જિદ હતી
મંદિર....મસ્જિદ
દોડો...પકડો....કાપો...મારો....
હવે તો પ્રતિષ્ઠાનો આ સવાલ છે
રામરહીમના અસ્તિત્વનો સવાલ છે.
નગર બળે, શવ રખડે
નામર્દ થઈ સ્ત્રી પર તૂટે
રામરહીમના રખવાળા રાક્ષસ બનીને ફરે
પણ કંઈ નહીં યાર
છેવટે તો શ્રદ્ધાનો સવાલ છે
આસ્થાનો સવાલ છે
ખાલી પેટે મરીશું, નાગા થઈને ફરીશું
ગરીબીને કિસ્મત ગણીશું
સરકારોના નચાયા નાચીશું
દવા રસ્તા પાણી શિક્ષણ વગર રહીશું
પણ અયોધ્યા માટે લડીશું
આખરે તો શ્રદ્ધાનો સવાલ છે.

**હેમલ જાદવ**

## હાઈકુ

ગરીબ ભૂખ્યું
નગર આ નગર
લોહી તરસ્યું

**મેહુલ ચાવડા**

## ડો.બાબાસાહેબ આંબેડકરની યાદમાં સમાનતા એક્સપ્રેસ

ડો. બાબાસાહેબ આંબેડકરની યાદમાં (IRCTC) (ઈન્ડિયન રેલ્વે) દ્વારા સમાનતા એક્સપ્રેસ ટ્રેન શરૂ કરવામાં આવશે. જેમાં બાબાસાહેબના જીવનને લગતાં સ્થળો મહુ (બાબાસાહેબનું જન્મ સ્થળ, ડો.આંબેડકરનગર, મધ્યપ્રદેશ ), ચૈત્યભૂમિ (બાબાસાહેબનું નિર્વાણ સ્મારક, મુંબઈ), બોધગયા (બિહાર), સારનાથ અને કુશીનગર (ઉત્તરપ્રદેશ), લુમ્બિની (નેપાલ)ની મુલાકાત પણ કરાવાશે.

ડો.બાબાસાહેબ આંબેડકરે વર્ષ ૧૯૫૬માં નાગપુરની દીક્ષાભૂમિથી બૌદ્ધ ધર્મની દીક્ષા લીધી હતી. તેથી સમાનતા એક્સપ્રેસ યાત્રાનો પ્રારંભ નાગપુર (રેલવે સ્ટેશન) થી કરવામાં આવશે. આ યાત્રા કુલ ૧૨ દિવસની રહેશે.

આ યાત્રા માટે (www.irctctourism.com) પર નોંધણી કરાવવાની રહેશે. જે ૧૦ ડિસેમ્બર ૨૦૧૮ના રોજથી શરૂ કરવામાં આવી છે. આ યાત્રામાં રહેવા માટેની ધર્મશાળા, સડકયાત્રા જમવા માટે શાકાહારી ભોજન પણ ઉપલબ્ધ છે. આ યાત્રા માટે પ્રતિ વ્યક્તિ ખર્ચ રૂા.૧૧,૩૪૦/- છે.

**કશ્યપ કાછીઆ**

## શુભેચ્છા યોગદાન

**'દલિત અધિકાર'ના શુભેચ્છકો**
**જેમના તરફથી શુભેચ્છા યોગદાન મળેલ છે.**

- **ડો. કાંતિલાલ છ.પરમાર** (લેખક, સંશોધક અને દલિત અગ્રણી, અમદાવાદ ) રૂા.૧૦૦૦/-
- **શૈલેષકુમાર ચંદુલાલ રાઠોડ** (અગ્રણી સામાજિક કાર્યકર, અમદાવાદ ) રૂા. ૧૦૦૦/-
- **સંકેતકુમાર ચેતનભાઈ મહેતા** (શુભેચ્છક, ધોરાજી, જિ.રાજકોટ) રૂા.૧૦૦૦/-
- **સંજયકુમાર મોહનલાલ ચમાર** (નિવૃત સરકારી અધિકારી અને અગ્રણી કર્મશીલ , અમદાવાદ) રૂા.૫૦૦/-
- **પ્રશાંતકુમાર કાંતિલાલ રાજ** (આચાર્ય પિપળજ હાઈસ્કૂલ, અમદાવાદ) રૂા.૫૦૦/-

# વેદ અને શુદ્રોની ઉત્પત્તિ

મુદ્દો

ડો. પિનાકિન્ દવે

ઋગવેદના પુરુષસૂક્તમાં (૧૦-૯૦) પ્રથવાર આપણે ચાર વર્ણો- બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્રનાં સ્થાનની કલ્પના જોઇએ છીએ. પુરુષસૂક્તમાં મૂળભૂત રીતે Creation ની કલ્પના વ્યક્ત કરાઇ છે, જેમાં સાથે સાથે Creator ની કલ્પના પણ જોવા મળે છે. આવાં બીજાં ઘણાં સૂક્તો છે પણ પુરુષસૂક્ત તેમાં સૌથી વધારે નોંધપાત્ર છે કારણ કે એક તો તેનો ક્રિયાકાણ્ડમાં વ્યાપકપણે ઉપયોગ થાય છે અને આ એક જ સૂક્ત ચારે વેદોમાં ઓછેવત્તે અંશે કે સુધારાવધારા સાથે જોવા મળે છે.

પુરુષસૂક્તના દ્રષ્ટા- ઋષિનું નામ નારાયણ આપવામાં આવ્યું છે પરંતુ યજુર્વેદમાં ઋગ્વેદ કરતાં ચારેક મંત્રો વધારે મળે છે. સામવેદમાં મંત્રો ઓછા છે અને સૂક્તના શબ્દોમાં ક્યાંક ફેરફાર જોવા મળે છે. આવું કેમ થયું હશે તે અંગે નિશ્ચયાત્મક રૂપે કશું કહી શકાય એમ નથી. શક્ય છે કે ચારે વેદનું સંકલન એક કાળે ન થયું હોયઃ ત્યાં સુધીમાં ભાષાના રૂપમાં પરિવર્તન આવ્યું હોય ને તેને કારણે જુદા શબ્દો વપરાયા હોય (સામવેદમાં) યજુર્વેદમાં આવતા વધારાના ચાર મંત્રો એક જુદું એકમ રચે છે.

પુરુષસૂક્તના જે મંત્રોમાં ચાર વર્ણોનો ઉલ્લેખ મળે છે તે મંત્રો, અંગત રીતે મને, પ્રક્ષિપ્ત લાગે છે. તે મંત્રોની ભાષા પણ classical sankrit લાગે છે. પરંતુ તે બે મંત્રો આપણે તપાસીએ.

(પ્રશ્નોત્તરરૂપે કથન છે) જે આ આ પુરુષને (ઉત્પન્ન) કર્યો તેને કેવા પ્રકારે કલ્પ્યો ? તેનું મુખ શું હતું ? તેના બાહુ કયા? તેના ઊરુ ને ચરણ (પાદ) કોને કહે છે? - ૧૦

બ્રાહ્મણ તેનું મુખ હતા, રાજન્યો (ક્ષત્રિયો)તેના બાહુ હતા, વૈશ્ય તેના ઊરુ હતા. (તેના) ચરણ (પાદ)માંથી શૂદ્ર ઉત્પન્ન થયો - ૧૧

આ બંને મંત્રોમાં આવતાં ક્રિયાપદો તપાસવા જેવાં છે. પ્રશ્નમાં પુરુષનું મુખ શું હતું ?(आसीत्) બાહુ, ઉરુ, પાદ કોને કહે છે? (उच्यते) તેમ દર્શાવાયું છે. તેની સાથે ઉત્તરમાં બીજા વર્ણો હતા (आसीत्) એમ દર્શાવાયું છે જ્યારે શૂદ્ર ઉત્પન્ન થયા (अजायत) તેમ આલેખાયું છે. આવો ભેદ શા માટે કરાયો હશે તે કલ્પવું અઘરું નથી. શૂદ્રને પુરુષના પાદરૂપ હોવાનું કહેવું મંત્રદ્રષ્ટાને કદાચ ઉચિત નહીં જણાયું હોય. ચરણ તો Base છે, આધાર છે, તેના વિના પુરુષ પંગુ બની રહે. આવું સ્થાન શૂદ્રનું? તેવા વિચારે કદાચ મંત્રદ્રષ્ટાએ अजायत् ક્રિયાપદ પ્રયોજ્યું અથવા અન્ય કોઇએ પરિવર્તન કરી દીધુ તે આપણે જાણતા નથી, જાણી શકીએ તેમ પણ નથી.

સામાન્ય રીતે પ્રશ્ન અને તેના ઉત્તરમાં એકરૂપતા હોય, અહીં તેમ થતું નથી. તેથી આપણને સંદેહ જાગે કે આ મંત્રો પ્રક્ષિપ્ત હોવા જોઇએ.

મને એમ વિચાર આવ્યો કે જે પરમ પુરુષના ચરણથી ગંગાજી ઉત્પન્ન થયાં તેમ પુરાણો આલેખે છે, એ જ પરમ પુરુષના ચરણથી શૂદ્ર ઉત્પન્ન થયા તેમ વેદ આલેખે છે તેથી શૂદ્રો પણ ગંગાજી જેવા પવિત્ર મનાવા જોઇએ -પાવનકારી મનાવા જોઇએ. એને બદલે તેમને અપવિત્ર માનવાનો વિચાર ક્યાંથી આવી ગયો? આ શું વેદ વિરુદ્ધ નથી?

**દલિત અધિકાર**

**આ અંક આપને કેવો લાગ્યો?**
**આપનો પ્રતિભાવ પત્ર, ઈ-મેઈલ કે**
**વ્હોટસઍપથી જણાવશો.**
**Email: maheriyachandu@gmail.com**
**મો.નં. ૯૮૨૪૬ ૮૦૪૧૦**

**દલિત અધિકાર** (પાક્ષિક)

માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : પ્રકાશકુમાર રા. મહેરિયા
૧૭૯૦, અબુકસાઈની ધાબાવાળી ચાલી, રાજપુર,
પોસ્ટ ઑફિસ સામે, અમદાવાદ-૩૮૦૦૨૧
ફોન : (મો.) ૯૮૨૪૬ ૮૦૪૧૦, ૯૯૨૫૭ ૧૯૫૬૫
મુદ્રણસ્થાન : માંગલ્ય મુદ્રણાલય,
૧૦૭, પાર્વતી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, તાવડીપુરા, અમદાવાદ.